ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો-૧૯૭૪ના વિનિયમ ક્રમાંક:૨૦(૧)માં સુધારો કરવા બાબત.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક:મશબ/૧૨૧૧/૧૫/છ,
સચિવાલય, ગાંધીનગર
તારીખ:૦૮/૧૧/૨૦૧૯

વંચાણે લીધા:-

(૧) શિક્ષણ વિભાગનો તા.૧૬/03/૨૦૧૧નો ઠરાવ ક્રમાંક:મશબ/૧૨૧૧/૧૫/છ.

(૨) ગુ.મા.અને ઉ.મા.શિ.બોર્ડ, ગાંધીનગરનો તા.૦૫/૧૦/૨૦૧૯નો પત્ર ક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૧૯/૩૪૮૫-૮૭.

આમુખ-

શિક્ષણ વિભાગના સંદર્ભ (૧) સામે દર્શાવેલ તા.૧૬/03/૨૦૧૧ના ઠરાવથી ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો-૧૯૭૪ના વિનિયમ ક્રમાંક:૨૦(૧)માં જરૂરી સુધારા કરવામાં આવેલ હતા. ત્યારબાદ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડના સંદર્ભ (૨) ના તા.૦૫/૧૦/૨૦૧૯ના પત્રથી ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો-૧૯૭૪ના વિનિયમ ક્રમાંક:૨૦(૧)ની જોગવાઇમાં સુધારો કરવા બાબતે દરખાસ્ત કરવામાં આવેલ હતી. જે બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

પુખ્ત વિચારણાને અંતે ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો-૧૯૭૪ના વિનિયમ ક્રમાંક:૨૦(૧)માં હાલની જોગવાઇને બદલે આ સાથે સામેલ પત્રક મુજબ સુધારેલી જોગવાઇને આથી મંજૂરી આપવામાં આવે છે.

આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર સરકારશ્રીની તા.૨૩/૧૦/૨૦૧૯ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( ટી.એસ.પટેલ )
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

- અધ્યક્ષશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, સેક્ટર-૧૦/બી, ગાંધીનગર.
- નિયામકશ્રી, કમિશનરશ્રી શાળાઓની કચેરી, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

P.T.O.

Scanned by CamScanner

શિક્ષણ વિભાગના તા.૦[illegible]/૨૦૧૯ના ઠરાવ ક્રમાંક.મશબ/૧૨૧૧/૧૫/છ સાથેનું બિડાણ

| વિનિયમ ક્રમાંક | હાલની જોગવાઇ | સુધારેલ જોગવાઇ |
|---|---|---|
| ૨૦(૧) | <u>રજિસ્ટર થયેલી શાળામાં નિમણુંક માટેની ન્યુનતમ લાયકાત:-</u><br>(૧) રજીસ્ટર થયેલી શાળામાં આચાર્યની લાયકાત<br>- કોઇ વ્યક્તિ નોંધાયેલી માધ્યમિક/ઉચ્ચત્તર માધ્યમિક શાળામાં ભણાવવામાં આવતા વિષયો પૈકી કોઇ વિષયમાં અનુસ્નાતક સાથે બી.એડ. અથવા માધ્યમિક/ઉચ્ચત્તર માધ્યમિક શાળામાં ભણાવવામા આવતા વિષયો પૈકી કોઇ વિષયમાં સ્નાતક સાથે એમ.એડ. અથવા રાજ્ય સરકારે જાહેર કર્યા પ્રમાણે તેને સમકક્ષ પદવી ધરાવતો હોય અને રજીસ્ટર્ડ ગ્રાન્ટ-ઇન-એઇડ/સરકારી માધ્યમિક/ઉચ્ચત્તર માધ્યમિક શાળામાં નિયમાનુસાર નિમણૂક મેળવ્યા બાદનો શીખવવાનો/નિરીક્ષણનો ઓછામાં ઓછો કુલ ૭ (સાત) વર્ષનો અનુભવ હોય.<br>અથવા<br>- કોઇ વ્યક્તિ નોંધાયેલી માધ્યમિક/ઉચ્ચત્તર માધ્યમિક શાળામાં ભણાવવામાં આવતા વિષયો પૈકી કોઇ વિષયમાં <u>સ્નાતક સાથે બી.એડ.</u> અથવા રાજ્ય સરકારે જાહેર કર્યા પ્રમાણે તેને સમકક્ષ પદવી ધરાવતો હોય અને રજીસ્ટર્ડ ગ્રાન્ટ-ઇન-એઇડ/સરકારી માધ્યમિક/ઉચ્ચત્તર માધ્યમિક શાળામાં નિયમાનુસાર નિમણૂક મેળવ્યા બાદનો શીખવવાનો/નિરીક્ષણનો ઓછામાં ઓછો કુલ <u>૧૫ (પંદર)</u> વર્ષનો અનુભવ હોય.....<br>..... તે સિવાય તેને હેડમાસ્ટર તરીકે નીમી શકાશે નહિં. માત્ર છોકરીઓ માટેની શાળામાં(કન્યા શાળા) ઉપરોક્ત લાયકાતો ધરાવતી સ્ત્રી સિવાય બીજી કોઇ વ્યક્તિની હેડમાસ્ટર તરીકે નિમણૂક કરી શકાશે નહિં. | <u>રજિસ્ટર થયેલી શાળામાં નિમણુંક માટેની ન્યુનતમ લાયકાત:-</u><br>(૧) નોંધાયેલ શાળામાં આચાર્ય તરીકે નિમણૂક માટેની લાયકાત<br>- કોઇ વ્યક્તિ નોંધાયેલી માધ્યમિક/ઉચ્ચત્તર માધ્યમિક શાળામાં ભણાવવામાં આવતા વિષયો પૈકી કોઇ વિષયમાં અનુસ્નાતક સાથે બી.એડ. અથવા માધ્યમિક/ઉચ્ચત્તર માધ્યમિક શાળામાં ભણાવવામાં આવતા વિષયો પૈકી કોઇ વિષયમાં સ્નાતક સાથે એમ.એડ. અથવા રાજ્ય સરકારે જાહેર કર્યા પ્રમાણે તેને સમકક્ષ પદવી ધરાવતો હોય અને નોંધાયેલ ગ્રાન્ટ-ઇન-એઇડ/સરકારી માધ્યમિક/ઉચ્ચત્તર માધ્યમિક શાળામાં નિયમાનુસાર નિમણૂક મેળવ્યા બાદનો શીખવવાનો/નિરીક્ષણનો ઓછામાં ઓછો કુલ ૭ (સાત) વર્ષનો અનુભવ ધરાવતી હોય.....<br>અથવા<br>- કોઇ વ્યક્તિ નોંધાયેલી માધ્યમિક/ઉચ્ચત્તર માધ્યમિક શાળામાં ભણાવવામાં આવતા વિષયો પૈકી કોઇ વિષયમાં સ્નાતક સાથે બી.એડ. અથવા રાજ્ય સરકારે જાહેર કર્યા પ્રમાણે તેને સમકક્ષ પદવી ધરાવતો હોય અને રજીસ્ટર્ડ ગ્રાન્ટ-ઇન-એઇડ/સરકારી માધ્યમિક/ઉચ્ચત્તર માધ્યમિક શાળામાં નિયમાનુસાર નિમણૂક મેળવ્યા બાદનો શીખવવાનો/નિરીક્ષણનો ઓછામાં <u>ઓછો કુલ ૧૦ (દસ)</u> વર્ષનો અનુભવ ધરાવતી હોય.....<br>..... તે સિવાય તેને આચાર્ય તરીકે નીમી શકાશે નહિં.<br>માત્ર કન્યાઓ માટેની શાળામાં ઉપર્યુક્ત લાયકાતો ધરાવતી મહિલા સિવાય બીજી કોઇ વ્યક્તિની આચાર્યા તરીકે નિમણૂક કરી શકાશે નહિં. |